ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
હોસ્પિટલ ૨૪ કલાક ઈમરજન્સી અને અકસ્માત કેસ માટે ચાલુ છે.
* અનુભવી ડૉક્ટર્સ
* અત્યંત વ્યાજબી ભાવે સેવા
* "માં" કાર્ડ યોજના હેઠળ મફત ઓપરેશન
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર વદ નોમ શનિવાર ૧૧ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૪૩

પાનાં ૧૦+૧૨ કિંમત ₹ ૫.૦૦

ઈરાન-અમેરિકા વચ્ચે મહામંત્રણા પૂર્વે મડાગાંઠ

ઈરાની પ્રતિનિધિમંડળ પાકિસ્તાન આવ્યું ખરું

મંત્રણા અંગે શરૂઆતમાં અચોક્કસતા બતાવનાર ઈરાનનું પ્રતિનિધિમંડળ જો કે પાકિસ્તાન આવી પહોંચ્યું છે એમ શુક્રવાર મોડી રાતના અહેવાલ જણાવતા હતા. અમેરિકી પ્રતિનિધિમંડળ આ પહેલા જ આવી ચુક્યું હતું. જો કે અમેરિકા તરફથી મંત્રણાની આગેવાની લેનાર ઉપપ્રમુખ જે.ડી. વાન્સ હજી સુધી આવ્યા ન હતા, તેમનું એરફોર્સ-૨ વિમાન થોડી વારમાં લેન્ડ થાય તેવી ધારણા રખાતી હતી.

હોર્મુઝનો માર્ગ હજી પણ બંધ, ક્રૂડ ઓઇલ $97 પર પહોંચ્યું

ઈરાન દ્વારા હોર્મુઝની સામુદ્રધુની બંધ કરવાને કારણે તેલના ભાવ આસમાને પહોંચ્યા છે, શેરબજારમાં કડાકો બોલાયો છે અને વિશ્વના અર્થતંત્રમાં ખળભળાટ મચી ગયો છે. જળમાર્ગ પર તેહરાનનું નિયંત્રણ યુદ્ધમાં તેનો સૌથી મોટો વ્યૂહાત્મક ફાયદો સાબિત થયો છે. આંતરરાષ્ટ્રીય સ્તરના માપદંડ ગણાતા બ્રન્ટ ક્રૂડનો હાજર ભાવ શુક્રવારે આશરે 97 ડોલર હતો, જે યુદ્ધ શરૂ થયા પછી 30 ટકાથી વધુ વધ્યો છે. સંઘર્ષ પહેલા, દરરોજ 100 થી વધુ જહાજો આ સામુદ્રધુનીમાંથી પસાર થતા હતા, જેમાંથી ઘણા એશિયામાં તેલ લઈ જતા હતા. હવે જ્યારે યુદ્ધવિરામ અમલમાં છે, ત્યારે માત્ર 12 જહાજો પસાર થયા હોવાનું નોંધાયું છે. ઇઝરાયેલે લેબેનોન પર હુમલાઓ કરતા ઇરાને ફરીથી આ માર્ગ બંધ કરી દીધો છે.

શાંતિ સ્થાપવા માટે પાકિસ્તાનમાં એકઠા થશે આ નેતાઓ

૧. અમેરિકાના પ્રતિનિધિઓ
જેડી વેંસ: ઉપરાષ્ટ્રપતિ
સ્ટીવ વિટકોફ: સ્પેશિયલ પ્રતિનિધિ
જેરેડ કુશનર: સીનિયર એડવાઈઝર
બ્રેડ કૂપર: સૈન્ય અધિકારી
૨. ઈરાનના પ્રતિનિધિઓ
મોહમ્મદ બાઘેર ગાલિબાફ: સંસદ અધ્યક્ષ
અબ્બાસ અરાઘચી: વિદેશ મંત્રી
મજીદ તખ્ત રવાંચી: ઉપ વિદેશ મંત્રી
૩. પાકિસ્તાનના પ્રતિનિધિઓ
શહબાઝ શરીફ: પ્રધાનમંત્રી
આસિમ મુનીર: સેના પ્રમુખ
ઇશાક ડાર: વિદેશ મંત્રી
આસિમ મલિક: રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર

તા. ૧૦-૦૪-૨૦૨૬નું સુરત શહેરનું
હવામાન
મહત્તમ ૩૯.૪° સે. | લઘુત્તમ ૨૨.૭° સે. | ભેજ ૩૨%

પાકિસ્તાનમાં આજે યોજાનારી રૂબરૂ મંત્રણા પહેલા ભારે અવિશ્વાસનું વાતાવરણ, અખાતમાં હુમલાઓ ચાલુ

ઇરાને કહ્યું કે જો ઇઝરાયેલ લેબેનોનમાં હુમલાઓ બંધ નહીં કરે તો શનિવારે મંત્રણા નહીં થાય

અમેરિકી ઉપપ્રમુખ વાન્સે ઇરાનને કોઇ પણ રમત રમવા સામે ચેતવણી આપી

દુબઈ, તા. 10 : ઈરાન અને અમેરિકાના વાટાઘાટકારો શુક્રવારે તેમના ડગમગતા યુદ્ધવિરામ વચ્ચે ઉચ્ચ સ્તરીય મંત્રણા માટે તૈયાર થયા હતા, પાકિસ્તાનામાં શનિવારે આ રૂબરૂ મંત્રણા યોજાવાનો કાર્યક્રમ છે.

અહીં હજુ પણ એવા ઘણા મુદ્દાઓ છે જે યુદ્ધવિરામને પાટા પરથી ઉતારી શકે છે, તેમજ યુદ્ધનો કાયમી અંત લાવવા માટે વ્યાપક સમજૂતી માટેની વાટાઘાટોમાં અવરોધ ઉભો કરી શકે છે. રિવોલ્યુશનરી ગાર્ડની નજીક ગણાતી ઈરાનની અર્ધ-સત્તાવાર સમાચાર એજન્સી તસ્નીમે અહેવાલ આપ્યો છે કે, જો લેબનન પર ઇઝરાયેલના હુમલા બંધ નહીં થાય, તો તેહરાને ઇસ્લામાબાદમાં યોજાનારી મંત્રણામાંથી ખસી જવાની ધમકી આપી છે. પાકિસ્તાનમાં ઈરાનના રાજદૂત રઝા અમીર મોગદમે ગુરૂવારે પુષ્ટિ કરી હતી કે 10 સભ્યોનું ઈરાની પ્રતિનિધિમંડળ ઇસ્લામાબાદ પહોંચશે. તેમણે ગુરૂવારે X પર જણાવ્યું હતું કે, રાજદ્વારી પહેલને નિષ્ફળ બનાવવા માટે ઇઝરાયેલ શાસન દ્વારા વારંવાર કરવામાં આવતા યુદ્ધવિરામના ઉલ્લંઘનને કારણે ઈરાની જનતામાં શંકા હોવા છતાં, માનનીય વડાપ્રધાન શહબાઝ શરીફના આમંત્રણ પર, ઈરાન દ્વારા પ્રસ્તાવિત 10 મુદ્દાઓ પર ગંભીર વાતચીત કરવા માટે ઈરાની પ્રતિનિધિમંડળ આજે રાત્રે ઇસ્લામાબાદ પહોંચશે. જો કે, થોડા કલાકો પછી, લેબનોનમાં બગડતી પરિસ્થિતિ વચ્ચે તેમણે આ નિવેદન હટાવી દીધું હતું. લેબનોન પર ઇઝરાયેલ દ્વારા હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા, જેને ઇરાન દ્વારા યુદ્ધવિરામ કરારનું ઉલ્લંઘન ગણાવવામાં આવ્યું હતું. સુરક્ષાના કારણોસર અધિકારીઓએ પ્રતિનિધિઓના આગમન માટે કોઈ ચોક્કસ સમય આપ્યો નથી, જેના કારણે આ બાબતે રહસ્ય વધુ ઘેરાયું છે. અનિશ્ચિતતા હોવા છતાં, પાકિસ્તાન બંને પક્ષોની યજમાની કરવા માટે તૈયારી કરી રહ્યું છે.

લેબેનોનના મામલે ઇરાન મંત્રણામાંથી ખસી જાય તેવી પણ આશંકા

ઈરાને વાતચીત માટે મૂકી પૂર્વ શરતો

પાકિસ્તાનની રાજધાનીમાં શરૂ થનારી હાઈ-પ્રોફાઈલ શાંતિ વાટાઘાટો પહેલા ઈરાને એક એવો રાજદ્વારી 'બોમ્બ' ફોડ્યો છે, જેનાથી વોશિંગ્ટનથી લઈને જેરુસલેમ સુધી ફફડાટ મચી ગયો છે. કૂટનીતિની તૈયારીઓ થઈ ચૂકી હતી, અમેરિકી ઉપપ્રમુખ જેડી વેન્સ રસ્તામાં હતા પરંતુ છેલ્લી ઘડીએ ઈરાને પોતાની શરતો વધુ કડક બનાવી દીધી છે. ઈરાની સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાગેર કાલિબાફે સોશિયલ મીડિયા પર સ્પષ્ટ કરી દીધું છે કે જ્યાં સુધી લેબનાનમાં ગોળીબાર બંધ નહીં થાય અને ઈરાનના અબજો ડોલરના 'ફ્રીઝ ફંડ' મુક્ત કરવામાં નહીં આવે ત્યાં સુધી વાતચીતની ખુરશી ખાલી જ રહેશે. ઈરાની સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાગેર કાલિબાફે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી તેમની જૂની શરતો પૂરી નહીં થાય, ત્યાં સુધી ઔપચારિક વાતચીત શરૂ થશે નહીં. ઈરાનનું વલણ હવે બિલકુલ આર-પારનું દેખાઈ રહ્યું છે. કાલિબાફના નિવેદન મુજબ, ઈરાને ટેબલ પર બેસતા પહેલા બે મોટી માંગણીઓ રાખી છે. તેમણે કહ્યું છે કે ઇઝરાયેલ લેબેનોનમાં હુમલાઓ બંધ કરે અને ઇરાનના ફ્રીઝ કરવામાં આવેલા અબજો ડોલરના ભંડોળો છૂટા કરવામાં આવે તો જ મંત્રણા થઇ શકે છે.

તહેરાનમાં વિશાળ વિજય પરેડ યોજાઇ

માજી સુપ્રીમ લીડર અલી ખામેનીના ચાલીસા પ્રસંગે ઇરાનમાં ઠેર ઠેર વિશાળ રેલીઓ યોજાઈ

તહેરાન, તા. 10: ઇરાનના ભૂતપૂર્વ સર્વોચ્ચ નેતા અલી ખમેનીના મૃત્યુના શોકમાં હજારો ઈરાનીઓ રસ્તા પર ઉતરી આવ્યા છે, જે સમયે અમેરિકા અને ઈઝરાયેલ સાથેના યુદ્ધવિરામની આશાઓ ધૂંધળી થતી જણાય છે. 28 ફેબ્રુઆરીના રોજ અમેરિકા-ઈઝરાયેલના હુમલામાં ખમેનીના મૃત્યુ બાદ, સમગ્ર દેશમાં યોજાયેલી રેલીઓમાં તેમના સમર્થકો તેમના ચિત્રો અને ઇસ્લામિક રિપબ્લિકના ધ્વજ સાથે જોવા મળ્યા હતા. આ આયોજન તેમના મૃત્યુના 40 દિવસનો શોકગાળો પૂર્ણ થવા પર કરવામાં આવ્યું છે. તહેરાનની વિશાળ રેલીનું સ્વરૂપ વિજય પરેડ જેવું હતું.

રાજધાની તેહરાન, ઉત્તર-પશ્ચિમ શહેર ઉર્મિયા અને ઉત્તર-પૂર્વીય ગોરગાનમાં વિશાળ મેળાવડા થયા હતા. તેહરાનમાં મંગળવાર રાતથી લાગુ થયેલા નાજુક યુદ્ધવિરામ બાદ હવાઈ

...અનુસંધાન પાના 8 પર

એક દિવસમાં સમજૂતિ કરી લોઃ ટ્રમ્પની ઈરાનને ચેતવણી

જો સમાધાન નહીં થાય તો હુમલાઓની નવી લહેર શરૂ થવાની ધમકી

વોશિંગ્ટન, તા. 10 : અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ચેતવણી આપી છે કે તેમના નેતાઓએ એક દિવસમાં સમજૂતી કરી લેવી જોઈએ, અન્યથા તેઓ તે રાષ્ટ્ર પર હુમલાઓની નવી લહેર શરૂ કરી દેશે.

શાંતિ વાટાઘાટોનું નેતૃત્વ કરવા માટે ઉપપ્રમુખ જેડી વેન્સને પાકિસ્તાન મોકલ્યા બાદ, ટ્રમ્પે 'ન્યૂયોર્ક પોસ્ટ' ને જણાવ્યું હતું કે, આપણને લગભગ 24 કલાકમાં ખબર પડી જશે. આપણને ટૂંક સમયમાં જાણ થઈ જશે. ઈસ્લામિક રિપબ્લિક ઈરાન વિરુદ્ધ અલ્ટીમેટમની શ્રેણીમાં આ તેમનો નવીનતમ પ્રહાર છે. ટ્રમ્પે કહ્યું કે, અમે ફરીથી બધું ગોઠવી રહ્યા છીએ. અમે જહાજોમાં અત્યાર સુધીના શ્રેષ્ઠ દારૂગોળો અને શ્રેષ્ઠ શસ્ત્રો ભરી રહ્યા છીએ - જે અગાઉ અમે વાપર્યા હતા તેના કરતા

...અનુસંધાન પાના 8 પર

ટ્રમ્પની રહસ્યમય પોસ્ટ: વિશ્વનું સૌથી શક્તિશાળી રિસેટ

વોશિંગ્ટન : અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે તેમના ટ્રુથ સોશિયલ પ્લેટફોર્મ પર એક રહસ્યમય પોસ્ટ શેર કરી હતી. આ પોસ્ટ તેમના નાયબ પાકિસ્તાનમાં ઈરાની પ્રતિનિધિમંડળ સાથે મુલાકાત કરે તેના થોડા કલાકો પહેલા આવી છે. જ્યારે ઉપપ્રમુખ જેડી વેન્સ ઇસ્લામાબાદ માટે રવાના થયા, ત્યારે ટ્રમ્પની સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું હતું: "વિશ્વનું સૌથી શક્તિશાળી રિસેટ (World's most powerful reset)." સંઘર્ષના ઉકેલ માટે અમેરિકા અને ઈરાન વચ્ચેની વાતચીત શનિવારે ઇસ્લામાબાદમાં શરૂ થવાની અપેક્ષા છે. વ્હાઇટ હાઉસના જણાવ્યા અનુસાર, જેડી વેન્સ અમેરિકી પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. ટ્રમ્પે બુધવારે

...અનુસંધાન પાના 8 પર

ઇસ્લામાબાદ શહેર કિલ્લામાં ફેરવાયું

મંત્રણા માટે કડક સુરક્ષા વ્યવસ્થા, રાજધાનીમાં બે દિવસની જાહેર રજા

મંત્રણા પરોક્ષ રહેવાની વકી, પ્રતિનિધિમંડળો જુદા જુદા ઓરડાઓમાં બેસશે

ઇસ્લામાબાદ, તા. 10 : પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં યોજાનારી વાટાઘાટો પૂર્વે સુરક્ષા કડક કરવામાં આવી છે અને વહીવટી કેન્દ્ર ગણાતા રેડ ઝોનને સીલ કરી દેવામાં આવ્યો છે. આ તૈયારીઓના કેન્દ્ર સ્થાને રહેલા પાકિસ્તાની ગૃહમંત્રી મોહસિન નકવીએ જાહેરાત કરી હતી કે આ

કાર્યક્રમના સંકલન માટે એક કંટ્રોલ રૂમની સ્થાપના કરવામાં આવી રહી છે. પાકિસ્તાન એક મહત્વપૂર્ણ મધ્યસ્થી તરીકે ઉભરી રહ્યું છે ત્યારે, ઈસ્લામાબાદે 'ઈસ્લામાબાદ મંત્રણા 2026' તરીકે ઓળખાતી આ રાજદ્વારી વાટાઘાટ માટે આવનારા તમામ પ્રતિનિધિઓ અને પત્રકારો માટે 'વિઝા-ઓન-અરાઈવલ'ની

...અનુસંધાન પાના 8 પર

વૃંદાવનમાં પ્રવાસીઓની બોટ યમુનામાં પલટી જતાં 10નાં મોત

મથુરા, તા. 10 (PTI): વૃંદાવનમાં શુક્રવારે બપોરે યમુના નદીમાં શ્રદ્ધાળુઓથી ભરેલી હોડી પલટી જવાની કરુણ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 10 લોકોના મોત થયા છે. મૃતકોમાં 6 પુરુષો અને 4 મહિલાઓનો સમાવેશ થાય છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને પુષ્ટિ કરી છે કે આ હોડીમાં પંજાબના જગરાંવ શહેરના કુલ 32 પ્રવાસીઓ સવાર હતા, જેઓ વૃંદાવન દર્શન માટે આવ્યા હતા. આ અકસ્માત કેસી ઘાટ પાસે થયો હતો. હોડી ક્ષમતા કરતા વધુ ભરેલી હોવાને કારણે અને જોરદાર પવનને લીધે અસ્થિર થઈ ગઈ હતી. ઊંડા પાણીમાં ગયા બાદ તે નદીમાં તરતા એક પોન્ટૂન (લોખંડના ડ્રમ) સાથે અથડાઈ અને પલટી ગઈ હતી. તાજેતરમાં જ ત્યાંથી પોન્ટૂન બ્રિજ હટાવવામાં આવ્યો હતો, પરંતુ તેના કેટલાક ડ્રમ નદીમાં જ રહી

...અનુસંધાન પાના 8 પર

જેડી વેન્સ પાકિસ્તાન આવવા રવાના, ઇરાની પ્રતિનિધિમંડળ અંગે ગુંચવાડો

ઈસ્લામાબાદ, તા. 10 (PTI): અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વેન્સ શુક્રવારે ઈરાન સાથેના યુદ્ધને સમાપ્ત કરવા માટે શાંતિ મંત્રણામાં ભાગ લેવા પાકિસ્તાન જવા રવાના થયા હતા, જો કે ઈરાની પ્રતિનિધિમંડળના ઈસ્લામાબાદ આગમન અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી મળી નથી, જ્યાં હાલ ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ઈરાનની અર્ધ-સત્તાવાર સમાચાર એજન્સી

સીસીટીવી વડે ભારતીય સેનાની હિલચાલની જાસૂસીનું કૌભાંડ પકડાયું

૧૧ની ધરપકડ, ભૂમિદળની છાવણીઓ ધરાવતા ઉત્તર ભારતના શહેરોમાં સોલાર સીસીટીવીનું માળખું ગોઠવવામાં આવ્યું હતું

આ CCTV નેટવર્કના લાઇવ ફૂટેજ પાકિસ્તાનમાં હેન્ડલરોને દેખાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી

પાકિસ્તાની જાસૂસી સંસ્થા આઇએસઆઇની મદદથી આ જાસૂસી નેટવર્ક ચાલતું હતું

નવી દિલ્હી, તા. 10 (PTI): પાકિસ્તાન સાથે સીધો સંબંધ ધરાવતા એક જાસૂસી નેટવર્કનો પર્દાફાશ થયો છે. આ નેટવર્ક દ્વારા સરહદ પાર બેઠેલા હેન્ડલર્સ ઉત્તર ભારતના વ્યૂહાત્મક રીતે સંવેદનશીલ



સ્થળો પર લગાવવામાં આવેલા સોલર-સંચાલિત CCTV કેમેરાના છૂપા ગ્રીડ દ્વારા ભારતીય સેનાના જવાનોની હિલચાલ પર રિયલ-ટાઇમ દેખરેખ રાખતા હતા, તેમ શુક્રવારે એક અધિકારીએ જણાવ્યું હતું.

આ દેખરેખ નેટવર્ક પંજાબના કપૂરથલા, જલંધર, પઠાણકોટ, પટિયાલા અને મોગા; હરિયાણાના અંબાલા; જમ્મુ-કાશ્મીરના કઠુઆ; અને રાજસ્થાનના બીકાનેર અને અલવર જેવા મુખ્ય શહેરોમાં ફેલાયેલું હતું. આ તમામ સ્થળો આર્મી કેન્ટોનમેન્ટની હાજરી, આંતરરાષ્ટ્રીય સરહદની નિકટતા અને સૈન્ય હિલચાલ તથા લોજિસ્ટિક્સ કોરિડોર તરીકેની તેમની ભૂમિકાને કારણે અત્યંત મહત્વના છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ કેમેરા જાણી જોઈને સૈન્ય સંસ્થાઓ, સૈનિકોની અવરજવર માટે વપરાતા હાઈવે અને સરહદ સાથે જોડાયેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પ્રવૃત્તિઓ ઝડપવા માટે ગોઠવવામાં આવ્યા હતા. આ ઓપરેશનની સૌથી ચિંતાજનક બાબત એ છે કે આ ઉપકરણો સીધું

...અનુસંધાન પાના 8 પર

સંવેદનશીલ વિસ્તારોમાં સોલાર CCTV નેટવર્ક ગોઠવવામાં આવ્યું હતું

સોલર-સંચાલિત CCTV કેમેરાના ઉપયોગથી અંતરિયાળ અથવા ઓછા પ્રવેશ ધરાવતા વિસ્તારોમાં પણ અવિરત દેખરેખ સુનિશ્ચિત થઈ હતી, જેનાથી તેમની ભાળ મેળવવી મુશ્કેલ બની હતી અને નેટવર્ક પરંપરાગત પાવર સ્ત્રોતો પર નિર્ભર રહ્યા વગર સતત કાર્ય કરી શકતું હતું. એડિશનલ પોલીસ કમિશનર (સ્પેશિયલ સેલ) પ્રમોદ સિંહ કુશવાહે જણાવ્યું હતું કે, કેમેરામાં નકલી ઓળખનો ઉપયોગ કરીને મેળવેલા સિમ કાર્ડ ફીટ કરવામાં આવ્યા હતા અને તેને મોબાઈલ એપ્લિકેશન સાથે લિંક કરવામાં આવ્યા હતા, જેનાથી સરહદ પાર ફૂટેજનું સીમલેસ રિયલ-ટાઇમ ટ્રાન્સમિશન

...અનુસંધાન પાના 8 પર